## અળસિંયાનુ ખાતર બનાવવું. (વર્મિકમ્પોસ્ટીગ)



**અળસિંયા વિશે :**અળસિંયા બે પ્રકારના હોય છે.(૧) જમીનમાં ઉંડે રહેવાવાળા જેને એનીસિકીસ કહે છે (૨)જમીનની ઉપરની સપાટી પર રહેવાવાળા જેને એપીજીસ અને એન્ડોજીસ કહે છે..અળસિંયુ એ ઉભય લિંગી પ્રાણી છે.એક વર્ષમાં એક પુખ્ત અળસિંયુ ૫૦-૬૦ ઈંડા મુકે છે જેમાથી અનુકૂળ વાતાવરણમાં ૪-૬ અળસિંયા નિકળે છે.એક અળસિંયુ એક દિવસમાં તેના વજન કરતા ૩-૪ ઘણો ખોરાક ખાય છે અને બહાર કાઢે છે.યોગ્ય વાતાવરણ હોય તો તે આંઠ વર્ષ સુધી પણ જીવી શકે છે.

**જાતોઃ** અળસિંયાની દુનિયામાં ૩૦૦૦ પ્રકારની જાતો છે, ભારતમાં ૫૦૯ પ્રકારની જાતો છે.પરંતુ અળસિંયાનું ખાતર બનાવવા માટે પ્રચલિત જાતો તરીકે આઇસીનિઆ ફૉટીડા અને યુડ્રીલસ યુર્જેન છે.

**અળસિંયાનુ ખેતીમાં મહત્વ :** અળસિંયા એ ખેડૂતોના મિત્ર છે.જે ખેતીમાં જમીનને ખેડે છે,પોચી રાખે છે,ફળદ્રુપ રાખે છે,ભેજવાળી રાખે છે,જમીનને જીવતી રાખે છે અને જમીનમાં સેન્દ્રિય તત્વોનો ઉમેરો કરીને ખેડૂતોને મદદરૂપ થાય છે.છોડને તંદુરસ્ત રાખે છે,છોડના મૂળ અને ફૂટ વધારે છે પરીણામે પાકનું ઉત્પાદન સારી ગુણવતાવાળુ અને વધારે મળે છે.



**અળસિંયાનુ ખાતર( વર્મિકમ્પોસ્ટ) એટલે શું ?**

અળસિંયાએ ખાધેલા સેન્દ્રિય પદાર્થો જેવાકે કચરો , માટી વગેરે તેની અગાર(વિષ્ટા)સ્વરૂપે બહાર કાઢવામાં આવતા પદાર્થને અળસિંયાનુ ખાતર તરીકે ઓળખવામાં આવે છે.વિઘટનશીલ કાર્બનિક પદાર્થમાંથી અળસિયા દ્વારા બનતા ખાતરને વર્મિકમ્પોસ્ટ કહે છે. વર્મ + કાસ્ટીગ= વર્મિકાસ્ટીગ.

**અળસિંયાનુ ખાતર( વર્મિકમ્પોસ્ટ)માં રહેલા તત્વો :**

- નાઇટ્રોજન-૧.૯૪ ટકા
- ફોસ્ફરસ-૦.૪૭ ટકા
- પોટેશિયમ-૦.૭૦ ટકાકેલ્યિમ-૪.૪૦ ટકા
- સોડીયમ-૦.૦૨ ટકા
- મેગ્નેશિયમ-૦.૪૬ ટકા
- આર્યન-૭૫૬૩ પીપીએમ.
- ઝીક-૨૭૮ પીપીએમ.



- મેંગેનિઝ-૪૭૫ પીપીએમ.
- કોપર-૨૭ પીપીએમ.
- બોરોન-૩૪ પીપીએમ.
- એલ્યુમીનિયમ-૭૦૧૨ પીપીએમ.

**અળસિંયાનુ ખાતર (વર્મિકમ્પોસ્ટ) કેવીરીતે બનાવવું :**

બેડ(પથારી) પધ્ધતિથી અળસિંયાનુ ખાતર (વર્મિકમ્પોસ્ટ) બનાવવા માટે સૌ પ્રથમ છાંયડા વાળી જગ્યા પસંદ કરવી.બેડ બનાવવા માટેની જે તે વિસ્તારમાં મળી રહે તેવી સામગ્રી જેવી કે પાંદડા,કચરો,ડાંગરનુ પરાળ,ઘઉની ફોતરી વગેરે ભેગા કરીને ૬ફુટ લાંબા અને ૩ ફુટ પહોળા અને અડધા ફુટ જેટલા ઉંચાઈના બેડ બનાવવા. બે બેડની વચ્ચે દોઢ ફુટ જગ્યા રાખવી જેથી કામ કરવામાં સરળતા રહે.બેડ પર પાણીનો છંટકાવ કરતા રહેવું. ત્યારબાદ ૧૫ દિવસનુ વાસી છાણ લેવું અને બનાવેલા બેડ પર પોણો ફુટ જેટલો થર કરવો અને તેના પર પાણીનો છંટકાવ કરવો.છાણના થરની ઉપર ૫૦૦ ગ્રામ અળસિયા છોડવા અને ત્યારબાદ તેના ઉપર અડધા ફુટનો છાણનો થર કરવો. ત્યારબાદ તેના ઉપર બે આંગળ જેટલો કચરાનો થર કરવો અને પાણી છાંટવું.ત્યારબાદ તેના પર કંતાન ઢાકીને દરરોજ જરૂરીયાત મુજબનો ભેજ જળવાઈ રહે તે રીતે પાણીનો છંટકાવ કરતા રહેવું.દોઢ મહિનામાં અળસિયાનુ ખાતર ચ્હા ની ભૂકી જેવુ તૈયાર થઈ જશે. ખાતર તૈયાર થયા બાદ બે દિવસ પાણી છાંટવાનું બંધ કરવું અને તૈયાર થયેલા બેડના અળસિયા સાથેના જથ્થાનો સવારના કુમળા તડકામાં શંકુ આકારનો ઢગલો કરવો.ઢગલામાંના અળસિયા ધીમે ધીમે નીચે તરફ જશે અને ઉપરના ભાગનુ અળસિયા વગરનું ખાતર ભેગુ કરી લેવું.નીચે રહેલા અળસિયા સાથેનું ખાતર ફરીથી બેડ બનાવવા વાપરવું.



**શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ વડોદરા સંચાલિત**
**વિવેકાનંદ સેન્ટર ફોર એગ્રીકલ્ચરલ સર્વિસીસ છોટાઉદેપુર**